Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# आत्मानन्द प्रकाश

इह हि रागद्वेषमोहाद्यभिभूतेन संसारिजन्तुना,
शारीरमानसानेकातिकटुकदुःखोपनिपात-
पीडितेन तदपनयनाय हेयोपादेय--
पदार्थपरिज्ञाने यत्नो विधेयः ॥

पुस्तक ११ ] वीर संवत् २४४०, पोश. आत्म. संवत् १८ [ अंक ६ ठो.

## પ્રભુ સ્તુતિ.

### શાર્દૂલ વિક્રીડિત.

જે નિત્યે [1]ભવતાપથી અતિ તપ્યા જે તીવ્ર [2]તૃષ્ણા ધરી,
પીડાતા અતિ [3]ઉષ્ણ [4]કામ પવને ગ્લાનિ ધરે જે ખરી;
તેવા પામર જીવને સુખમયી જે શાંતિ દે નિર્મલા,
તે પામો જય વીર [5]કલ્પતરૂની છાયા સદા શીતલા. ૧

૧ સંસારના તાપથી. ૨ તૃષ્ણા લોભ અને તૃષા. ૩ ગરમ. ૪ કામદેવ રૂપ પવનથી.
૫ શ્રીવીર ભગવાન્ રૂપી કલ્પવૃક્ષની.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



॥ ૐ ॥

# आत्मिक तृप्ति स्वरूपाष्टक.

( સુણો શાન્તિ જિણંદ સોભાગી—એ રાગ. )

ભોજ્ય ક્રિયા સુર પાદપ ફલ છે, વલી પેય જ્ઞાનામૃત રસ છે;
આસ્વાદન સામ્ય તામ્બૂલ, તૃપ્તિ લહે મુનિ એથી અમૂલ. ૧

આત્મિક ગુણથી જે તૃપ્તિ મળેછે, સ્થિર દીર્ઘ સમય એ રહેછે;
તેથી અન્ય વિષય પર ઇહા, ન કરે મુનિ જ્ઞાને ગરિહા. ૨

રસ શાન્ત તણા આસ્વાદે, આત્મ અતીંદ્રિય તૃપ્તિને લાધે,
ષટ્ રસ ભોજન અનુભવતા, તે ન મીલે જીહ્વાએ કરતા. ૩

આભિમાનિકી તૃપ્તિ છે ભ્રાન્તિ, સ્વપ્ન સમાન સંસારે ન શાન્તિ;
આત્મિકવીર્ય વિપાકે બનેછે, ભ્રાન્તિ શૂન્ય એ સત્ય ઠરેછે. ૪

તૃપ્તિ પુદ્દગલે પુદ્દગલ પામે, ત્યમ આત્માએ આત્મિક જામે;
પર તૃપ્તિ તણો સમારોપ, ન ઘટે કરવો ગુણ ગોપ. ૫

મહા શાક અને મધુ ઘૃતથી, અગ્રાહ્ય છે રસ ગોરસથી;
પર બ્રહ્મની છે તૃપ્તિ ન્યારી, જાણે જન તેશું ન ચારી. ૬

ઉર્મિ વિષયની ત્યાં વિષ ઉદ્દગાર, પૌદ્દગલિકી અતૃપ્તિ એ ધાર,
આત્મિક તૃપ્તિ તણા ઉદ્દગાર, શુદ્ધ પરંપર ધ્યાનની ધાર. ૭

સુખી નાંહિ વિષયથી અતૃપ્ત, ઇંદ્ર નરેંદ્ર એ આદિ સમસ્ત;
નિરીહી ભિક્ષુ સુખી એક લોકે, તૃપ્ત બની નિજ આત્મ વિલોકે. ૮

(જિજ્ઞાસુ ઊમેદવાર)

## નવપદ મહિમા ગર્ભિતશ્રી શત્રુંજય મહાતીર્થાદિક યાત્રા વિચાર.

" યોગ અસંખ્ય છે જિન કહ્યા, નવપદ મુખ્ય તે જાણોરે.
તેહ તણે આલંબને, આતમ ધ્યાન પ્રમાણોરે."

***નવપદ પ્રકરણમાં** કહ્યું છે કે " ભો ભો મહાનુભાવો ! દશ દષ્ટાંતે દુર્લભ મનુષ્ય જન્મ પામીને અને તે સાથે વળી આર્યક્ષેત્ર, ઉત્તમ કુલ વિગેરે પ્રધાન સામગ્રી પુણ્ય યોગે પામીને મહા અનર્થકારી પાંચ પ્રકારનો પ્રમાદ (મદ, વિષય, કષાય, નિદ્રા અને વિકથા ) જલ્દી તજીદઇ ઉત્તમ ધર્મ કરણી કરવા તમારે પુરૂષાર્થ ફોરવવો જોઇએ. તે ધર્મ સર્વ જિનેશ્વરોએ દાન, શીલ, તપ અને ભાવ ભેદે કરી ચાર

* **જુઓ યોગ્યતા દર્શકમાં અથવા પ્રશમરતિ ગ્રંથમાં તેનું મૂળ તથા ભાષાંતર આપેલું છે.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રકારનો ઉપદિશ્યો છે." તેમાં પણ ભાવની પ્રધાનતા વખાણી છે. "ભાવ સહિતજ કરવામાં આવતી સઘળી ધર્મ કરણી-દાન, શીલ, તપ પ્રમુખ સફળ કહી છે. ભાવ વગરની તે બધી કરણી લેખે થતી નથી." "ભાવ પણ મન સંબદ્ધ છે અને આલંબન વગર મન અતિ દુર્જય છે તેથી મનને નિયમમાં રાખવા માટે સાલંબન (આલંબન વાળું) ધ્યાન કહેલું છે."

"જો કે શાસ્ત્રમાં અનેક પ્રકારનાં આલંબન વખાણ્યાં છે તો પણ તે સહુમાં નવપદ ધ્યાનનું આલંબન મુખ્ય છે એમ જિનેશ્વરો કહે છે. ૧ અરિહંત, ૨ સિદ્ધ, ૩ આચાર્ય, ૪ ઉપાધ્યાય, ૫ સાધુ, ૬ દર્શન, ૭ જ્ઞાન, ૮ ચારિત્ર અને ૯ તપ એ નવપદ વખાણેલાં છે" એ નવપદનું કંઇક વિસ્તારથી વર્ણન તેમના સદ્‌ભૂત ગુણોના ઉલ્લેખ સાથે નવપદ પ્રકરણમાં પ્રથમ કરવામાં આવ્યું છે તે ત્યાંથી જાણી તત્સંબંધી સમજ મેળવવી યોગ્ય છે. એ નવપદજ જગત્‌માં સાર છે, તેથી તેનુંજ આરાધન કરવા અધિક લક્ષ રાખવાની જરૂર છે. એ નવપદમાં અરિહંતાદિક પાંચ પદ ધર્મી (ધર્માત્મા)ના છે ત્યારે દર્શનાદિક ચાર પદ ધર્મરૂપ છે. એ દર્શન-સમકિત, જ્ઞાન અને ચારિત્રરૂપ સદ્ધર્મનું આરાધન કરવાથીજ તત્વતઃ ધર્માત્મા થઇ શકે છે. પૂર્વે જે જે અરિહંતાદિક પુણ્યાત્માઓ થયા છે તે સહુ ઉકત ધર્મની સેવા-આરાધના કરવાથીજ થયા છે અને ભવિષ્યમાં પણ જે જે અરિહંતાદિક પુણ્યાત્માઓ થશે તેઓ પણ પવિત્ર ધર્મની સેવા-આરાધના કરવાથીજ થશે. એથી વર્તમાનકાલે આપણે પણ એજ પવિત્ર ધર્મનું આરાધન કરવા ઉજમાળ રહેવું ઉચિત છે. ધર્મ ધર્મીજનોમાં નિવસે છે તેથી ધર્મનું આરાધન કરવા ઇચ્છનારે ઉકત અરિહંતાદિક પવિત્ર ધર્માત્માઓનું પુષ્ટ આલંબન લેવું એ ઉપયોગી છે; એજ પવિત્ર ધર્મ પ્રાપ્તિનો અતિ ઉત્તમ માર્ગ છે.

**અરિહંતાદિક પવિત્ર ધર્માત્માઓના** નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ એ ચારે નિપેક્ષા પૂજનિક છે. જેમનો ભાવ પવિત્ર હોય છે તેમનાં જ નામ, સ્થાપના અને દ્રવ્ય પણ પવિત્ર કહ્યાં છે પણ બીજાનાં નહિં. તેથી અરિહંતાદિક પવિત્ર આત્માઓનું (ભાવ સહિત) નામ સ્મરણ કરવાથી તેમની (શાશ્વત-અશાશ્વત) પ્રતિમાનાં દર્શનાદિક કરવાથી તેમજ ત્રિકાલગત તેમના આત્મદ્રવ્યને નમસ્કારાદિ કરવાથી આપણો આત્મા જાગૃત થાય છે એટલે એ અરિહંતાદિકમાં જેવા ઉત્તમ ગુણો છે તેવાજ ઉત્તમ ગુણો પ્રાપ્ત કરવા આપણો આત્મા ઉજમાળ થાય છે. જે ગુણો અરિહંતાદિકને વ્યક્તપણે (પ્રગટ) થયેલા છે તેવાને તેવાજ ગુણો આપણા પ્રત્યેક આત્મામાં શક્તિ (સત્તા) રૂપે તો રહેલાજ છે. યદ્યપિ તે ગુણો કર્મનાં આવરણથી ઢંકાઇ ગયેલા હોવાથી પ્રગટ દેખી શકાતા નથી, પરંતુ જો પ્રગટ ગુણી અરિહંત પરમાત્માદિકનું પુષ્ટ આલંબન લઇને કર્મનાં સઘળાં આવરણ દુર કરી દેવામાં આવે તો પછી સ્વસત્તામાં રહેલા સમસ્ત ગુણો જેવાને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેવા ઝળહળતા પ્રગટ થાય છે. એથીજ અવ્યક્ત ગુણી એવા આપણે વ્યક્ત ગુણી એવા અરિહંતાદિક પરમેષ્ટીનું દૃઢ આલંબન લેવું ઉચિતજ છે. જે જે કાર્ય વિવેક સહિત વિધિ પૂર્વક કરવામાં આવે છે તે અલ્પ શ્રમે અદ્ભુત લાભ મેળવી આપે છે; એટલા માટે પવિત્ર ધર્મકરણીનું સેવન કરનારે યથોચિત મર્યાદારૂપ વિધિ સાચવવા અને યદ્વા તદ્વા કરવા રૂપ અવિધિ દોષ ટાળવા ખાસ કાળજી રાખવી જોઇએ. જ્યારે જ્યારે **શ્રી શત્રુંજય મહાતીર્થ** જેવા પરમ **પવિત્ર તીર્થ સ્થળોની** સ્પર્શના–સેવન કરવા જેવો પુણ્ય સંયોગ મળે ત્યારે ત્યારે લક્ષ પૂર્વક જે કંઇ વિધિ સેવાનો ખપ કરવો જોઇએ અને અવિધિ દોષ ટાળવો જોઇએ તેનું દિગ્દર્શન પ્રસંગે પ્રસંગે આગળ બોધ વચન રૂપે કરાવવામાં આવેલું છે તે નિજ લક્ષમાં રાખી લઇને સ્વહિત માર્ગનો આદર કરવા સહુ ભવ્યાત્માઓને ખાસ ભલામણ છે. જુઓ! ખેતી કરનારા ખેડુત લોકો તેમનાં ક્ષેત્રને યથાવિધ ખેડી તેમાં ખાતર પ્રમુખ નાંખી ખંતથી તથા અવસરે વાવણી કરે છે અને તેનો વિનાશ થવા ન દેતાં પ્રતિદિન તેની રક્ષા પુષ્ટિ કરવા પુરતી કાળજી રાખે છે તો પરિણામે તેમાંથી ઇચ્છિત લાભ મેળવી શકે છે. એ રીતે આપણે પણ જે ધર્મકરણી કરીએ તેનો યથાર્થ લાભ સંપાદન કરવા માટે એ ખેડુતની પેરે ખરી ખંતથી પૂરતી સંભાળ રાખી રહેવાની ખાસ જરૂર છેજ. સુજ્ઞેષુ કિં બહુના? ઇતિશમ્.

લેખકઃ—**સન્મિત્ર શ્રી કર્પૂરવિજયજી મહારાજ.**

---

# જ્ઞાન સંવાદ.

'જ્ઞાન' એ વસ્તુતાએ એકજ છે, પરંતુ કેટલીએક અપેક્ષાને લઇને તેના પાંચ પ્રકાર થઇ શકે છે. એ પાંચ પ્રકારના જ્ઞાનનું સ્વરૂપ સંક્ષેપથી સમજવાને માટે તેમનો આ કલ્પિત સંવાદ મનન કરવા યોગ્ય ધારી અત્રે આપવા ઉચિત ધારેલું છે.

એક સુશોભિત સૂક્ષ્મ પ્રદેશમાં પાંચ પ્રકારના જ્ઞાનનો સમુદાય એકત્ર થઇ આવ્યો. તેઓએ એક બીજાની સામે પોતપોતાના આસન લીધા. મધ્ય ભાગે એક ઉંચું આસન ગોઠવવામાં આવ્યું હતું. તે આસન ખાલી રાખવામાં આવ્યું હતું. તે પાંચે જ્ઞાનમાંથી તે ઉચ્ચ આસન ઉપર કોને બેસવું? તેને માટે વાદ–વિવાદ થવા માંડયો. તે સમયે પ્રથમ મતિજ્ઞાને ઉભા થઇને નમ્રતાથી જણાવ્યું. "પ્રિય મિત્રો, આ સર્વની સમક્ષ આ ઉચ્ચ આસન ઉપર બેસવાની મને ઇચ્છા થાય છે; તેથી આપ સર્વ મને તે ઉપર બેસવાની અનુજ્ઞા આપશો."

મતિજ્ઞાનના આ વચનો સાંભળી શ્રુત જ્ઞાને વિનયથી જણાવ્યું. "મિત્ર મતિ જ્ઞાન, તમારી તે આસન ઉપર બેસવાની ઇચ્છા જાણી અમે ખુશી થઇએ છીએ પ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રંતુ તમારામાં કેટલી યોગ્યતા છે તે અમારે જાણવું જોઇએ. યોગ્યતા જાણ્યા શિવાય એ આસન ઉપર બેસવાની અનુજ્ઞા અમારાથી આપી શકાય તેમ નથી."

શ્રુતજ્ઞાનના આ વચનો સાંભળી મતિજ્ઞાને વિનયથી જણાવ્યું, "પ્રિયમિત્રો, હું નેત્ર વિગેરે ઇંદ્રિયો અને અતીંદ્રિય એવા મનથી ઉત્પન્ન થયેલ છું. હું આત્માથી ભિન્ન એવા નિમિત્તની અપેક્ષા રાખું છું, તેથી મને વિદ્વાનો પરોક્ષ કહે છે. સ્મૃતિ, ચિંતા, સંજ્ઞા અને અભિનિબોધ-એ મારા પર્યાય છે. મારી ઉત્પત્તિ બે પ્રકારે થાય છે. એક ઇંદ્રિય નિમિત્તક એટલે ઇંદ્રિય જન્ય અને બીજો પ્રકાર અતીંદ્રિય નિમિત્તક એટલે મનઃકારણક-ઇંદ્રિય નિમિત્તથી થનાર જ્ઞાન સ્પર્શાદિ પાંચે ઇંદ્રિયોના સ્પર્શ વગેરે પાંચે વિષયોથી મારી ઉત્પત્તિ છે. અતીંદ્રિય નિમિત્તક અર્થાત્ મનો જન્ય જ્ઞાન-એટલે મનની સર્વ વૃત્તિઓ તથા ઓઘ એટલે અવિભકત સર્વેદ્રિય વિષયક જ્ઞાન, એ મારો વિષય છે. ઇંદ્રિય અને અનિંદ્રિય બંને નિમિત્ત વાળું મારૂં જ્ઞાન એકજ છે, છતાં સૂક્ષ્મ રીતે મારા બીજા પણ ચાર પ્રકાર પડી શકે છે અને પ્રકારથીજ મારી વિશાળતા ગણાય છે. મારા ચાર પ્રકાર જ્યારે તમારા જાણવામાં આવશે ત્યારે તમારા હૃદયમાં ખાત્રી થશે કે, આ મતિજ્ઞાન ઉચ્ચ આસનને લાયક છે.

શ્રુતજ્ઞાને જિજ્ઞાસાથી પ્રશ્ન કર્યો. "મિત્ર, તારા એ ચાર પ્રકાર જાણવાની અમારી ઇચ્છા છે. તેથી કહે."

મતિજ્ઞાને નમ્રતાથી જણાવ્યું "અવગ્રહ, ઇહા, અપાય અને ધારણા એ મારા ચાર પ્રકાર છે. પોતપોતાના વિષયને અનુસારે ઇંદ્રિયો દ્વારા અને મનદ્વારા આલોચન અથવા અવધારણ કરવું, તે **અવગ્રહ** કહેવાય છે. તે અવગ્રહના ગ્રહણ, આલોચન અને અવધારણ એવા પર્યાય છે. તે સર્વનો એકજ અર્થ થાયછે. તે અવગ્રહ રૂપ જ્ઞાનથી ગ્રહણ કરેલ વિષય કે જે એક દેશ રૂપ છે તે પદાર્થના એક દેશથી શેષ પદાર્થને જાણવા માટે જે અનુગમન એટલે નિશ્ચય કરવાની એક જાતની ચેષ્ટા અથવા જિજ્ઞાસા, તેને **ઈહા** કહેવામાં આવે છે. તે ઇહાના ઈહા, તર્ક, પરીક્ષા, વિચારણા અને જિજ્ઞાસા એવા પર્યાય નામ છે. ઉપર કહેલ અવગ્રહ તથા ઇહાથી ગ્રહણ કરેલા વિષયમાં 'આ સારો છે અથવા નઠારો છે., એટલે 'આ યોગ્ય છે કે અયોગ્ય છે,' એ પ્રકારે ગુણ દોષના વિચારનો જે ઉદ્યોગ અથવા અપનોદ તેને **અપાય** કહેછે. તેના અપગમ, અપનોદ, અપબાધ, અપેત, અપગત, અપવિધ અને અપનુત એવા પર્યાય નામ છે. પદાર્થના સ્વરૂપને અનુસારે જે તેનો યથાર્થ બોધ અથવા બુદ્ધિમાં ચિરકાળ અર્થની સ્થિતિ કરવી અથવા અવધારણા કરવી તે **ધારણા** કહેવાય છે. પ્રતિપત્તિ, અવધારણ, અવસ્થાન, નિશ્ચય, અવગમ અને અવબોધ એ તેના પર્યાય નામ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ મારા ચાર પ્રકારથી હું મહાત્માઓની મહાશક્તિને દર્શાવનારૂં કહેવાઉછું; તેથીજ આ ઉચ્ચ આસન ઉપર મારો અધિકાર થઇ શકે છે."

શ્રુતજ્ઞાને આક્ષેપ કરી કહ્યું, "મિત્ર, એટલા ઉપરથી તારો પ્રભાવ વિશેષ ગણી શકાય નહીં અને તેથી તને ઉચ્ચ આસનનો અધિકાર આપવામાં અમારાથી શી રીતે સંમતિ અપાય ?" મતિજ્ઞાને ઉચ્ચ સ્વરે જણાવ્યું, મિત્ર શ્રુતજ્ઞાન, મેં મારા સ્વરૂપનું માત્ર દિગ્દર્શન કરાવ્યું છે છતાં પણ જો તમને અસંતોષ રહેતો હોય તો હજુ મારામાં બીજી વિશેષ શક્તિઓ પણ રહેલી છે. તે સાંભળવાની ઇચ્છા હોય તો નિવેદન કરૂં." શ્રુતજ્ઞાને કહ્યું, "તે ખુશીથી કહે. તારો વિશેષ પ્રભાવ જાણી અમારૂં મન સંતોષ પામ્યા વિના રહેશે નહીં."

મતિજ્ઞાને નમ્રતાથી જણાવ્યું. "અવગ્રહ વગેરે જ મારા મુખ્ય ચાર ભેદ છે. તેના બહુ, બહુવિધ, ક્ષિપ્ર, નિઃસૃત, અનુક્ત, ધ્રુવ અને એનાથી બીજા અલ્પ, અલ્પવિધ, અક્ષિપ્ર, અનિઃસૃત, ઉક્ત અને અધ્રુવ એમ મારા બાર ભેદ થાય છે. એ ભેદ ઉપરથી મને ધારણ કરનાર આત્મા મતિની મહા શક્તિ ધારણ કરી શકેછે. મિત્ર, સાંભળો; એ બાર ભેદથી મારી કેવી શક્તિ ખીલે છે? જયારે આત્મા મારા એ ભેદ ધારણ કરે છે, ત્યારે તે ઘણું આલોચન ગ્રહણ કરી શકે છે; અલ્પ આલોચન કરી શકે છે, બહુ પ્રકારથી આલોચન કરી શકે છે, શીઘ્ર આલોચન કરી શકેછે, ચિરકાળ આલોચન કરી શકેછે, અનિશ્ચિત એટલે ચિન્હ વગેરેથી અજ્ઞાત હોય તેને જાણી શકે છે, નિશ્ચિત એટલે ચિન્હથી જ્ઞાત હોય તેને જાણી શકે છે, અનુક્ત કહ્યા વિના પણ ગ્રહણ કરી શકેછે, ઉકત કહેલ હોય તેને પણ ગ્રહણ કરી શકેછે, અને ધ્રુવ નિશ્ચળ અને અધ્રુવ અનિશ્ચળ હોય તેનું આલોચન કરી શકેછે. એવી રીતે ઇહા વગેરે મારા પ્રત્યેક ભેદના બાર બાર ભેદ થઇ શકે છે મિત્ર, જે મારો ભેદ અવગ્રહ છે, તેને અર્થાવગ્રહ અને વ્યંજનાવગ્રહ એવા બે પ્રકાર થાય છે. અર્થાવગ્રહની અંદર વ્યક્ત પદાર્થ બોધ આવે છે અને વ્યંજનાવગ્રહમાં અવ્યક્ત અસ્વચ્છપણે પદાર્થ જ્ઞાન આવે છે. તે વ્યંજનાવગ્રહ નેત્ર ઇંદ્રિય અને અનિંદ્રિય મનથી થતો નથી; પરંતુ બાકીની સ્પર્શ આદિ ચાર ઇંદ્રિયોથી થાય છે. આ રીતે ઈંદ્રિય અને અનિંદ્રિય નિમિત્તથી મારા (મતિજ્ઞાનના) બે પ્રકાર થાય છે; અને અવગ્રહ, ઇહા, અપાય અને ધારણા એ મારા જે ચાર ભેદ છે, તે ત્વચા (સ્પર્શ) આદિ પાંચ ઇંદ્રિયો અને છઠું મન એ પ્રત્યેકના અવગ્રહાદિ ચાર ચાર ભેદ મળી મારા ચોવીશ ભેદ થાયછે. અને જો નેત્ર તથા મનને છોડી દઇ બાકીના સ્પર્શ આદિ ચાર ઇંદ્રિયોના ચાર પ્રકારના વ્યંજનાવગ્રહ લેવામાં આવે તો બધા મળીને મારા અઠ્યાવીશ ભેદ થાય છે. મિત્રો, એટલેથી મારો વિસ્તાર અટકતો નથી પણ તે અઠયાવીશ ભેદના બહુ, બહુવિધ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આદિ છ છ ભેદોથી મારા એકસોને અડસઠ ભેદ થાયછે. તેમ વળી પૂર્વે કહેલા અઠયાવીશ ભેદોમાંથી પ્રત્યેકના બહુ, બહુવિધ તથા બીજા અલ્પ, એકવિધ આદિથી બાર ભેદ કરવાથી મારા ત્રણસોને છત્રીશ ભેદ થાય છે. આવા મારા વિસ્તાર ને માટે આર્હત ધર્મના વિદ્વાનો નીચેના પદ્યથી મારી ભારે પ્રશંસા કરેછે.

" षट्त्रिंशदुत्तरशतत्रयीभेदै र्विकाशितम्
मतिज्ञानं मनुष्याणां ज्ञान विस्तार कारकम् " ॥ १ ॥

" ત્રણસોને છત્રીશ ભેદોથી વિકાશ પામેલું મતિજ્ઞાન મનુષ્યોને જ્ઞાનનો વિસ્તાર કરનારૂં છે." મિત્રો, ભારતવર્ષમાં પ્રખ્યાતિ પામેલા આર્હત ધર્મની અંદર જ્ઞાન તત્વને માટે વિદ્વાનો મારી ઘણી પ્રશંસા કરે છે, તેથી મને અવશ્ય આ ઉચ્ચ આસન મળવું જોઇએ. મને આશા છે કે, આપ સર્વ મારા મિત્રો તેમાં જરૂર સંમતિ આપ્યા વગર રહેશો નહીં.

અપૂર્ણ.

# અઢાર પાપસ્થાનક ચાલુ.

[ અનુસંધાન ગતાંક પૃષ્ટ ૧૩૨ થી. ]

## " ચોથું અબ્રહ્મચર્ય પાપસ્થાનક. "

( એ વ્રત જગમાં દીવો મેરે પ્યારે એ વ્રત જગમાં—એ રાગ )

પાપસ્થાનક ચોથું ત્યાગો મેરેપ્યારે પાપસ્થાનક ચોથું ત્યાગો;
દુર્ગતિ મૂળ અંબભકુશીલતા પાપ ભયંકર ભાસે,
તપ જપ ધ્યાન ક્રિયાદિ કરણી સુકૃત સઘળા નાસે.—મેરેપ્યારે. ૧
અધર વિદ્રુમ સ્મિત ફુલ સરીખા આંગોપાંગ રૂપાળા,
ભ્રૂકુટિમાં ભરમાવતી અબળા ગુણવન દહવા જવાળા.—મેરેપ્યારે. ૨
ફળ કિંપાક સમાન સુંદરતા મધુ લિપ્ત અસિધારા,
રામા દેખી રાચો ન સજ્જન આખર હાલ નઠારા.—મેરેપ્યારે ૩
રાજ્ય ધાની મોહરાયની દીસે કૈક અકાળે મરાતા,
દશ શિર રાવણ રણમાં રખડ્યા હરણ સીતાનું થાતા—મેરેપ્યારે ૪
આ ભવ કષ્ટ અનંતા વેઠી પરભવ નરકમાં જાતા,
અપકીર્તિ ગોત્રે મશી કૂર્ચક જેહ પ્રતાપે થાતા.—મેરેપ્યારે ૫
કામ કુંભ કલ્પદ્રુમ સમાન આ નરભવ એળે ગાળે,
આપદા સકળ વસે અંતરમાં ચિન્તા જીવન પ્રજાળે.—મેરેપ્યારે ૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અબ્રહ્મચારીનું ધાર્યું ધરાપર ફળતું નથી કોઇ કાળે,
ગુપ્ત ગુનાના ફળ અતિ બુરા ભોગવે જઇ પાતાળે—મેરેપ્યારે ૮
સરિતા સમાન સકળ બીજા વ્રત શિયળ રત્નાકર ગાજે,
સુરસાન્નિધ્ય મનવાંછિત એ વ્રત ફળતા એક અવાજે—મેરેપ્યારે ૮
મંત્ર ફળે જગ કીર્તિ વાધે નવ નિધિ શીયળથી પામે,
ચારિત્ર મુળ સમકીત વૃદ્ધિ હેતુ ઠરી બેસે શુભ ઠામે.—મેરેપ્યારે ૯
શેઠ સુદર્શનને શુળી ટાળી હેમ સિંહાસન સ્થાપે,
શીયળ પ્રભાવે દિવ્ય ધ્વનિથી નભો મંડળ જસ વ્યાપે—મેરેપ્યારે ૧૦
અનંગ ક્રીડા કરવા નથી નરભવ શાશ્વત સુખડા લેવા
શિયળ સન્નાહ ધર્યા તન "દુર્લભ" અમર થયા જન એવા.—મેરેપ્યારે ૧૧

લેખક,

દુર્લભજી વિ૦ ગુલાબચંદ મહેતા. વળા.

## પ્રેરક બલનો આશ્રય લેવા વિષે વ્યક્તિગત ઉદ્દગારો.

### લેખક—પુનરુજજીવન.

કવ્વાલી.

કહ્યું તું માન જ્ઞાનીનું, અરે ? ઓ ? આત્મના સંગી;
કહ્યું તું માન જ્ઞાનીનું, અરે ? ઓ ? આત્મના રંગી.— ૧
અમે તો સંતના શરણે, રહીને આત્મ તારી શું;
હૃદય ઇચ્છા વસી એવી, છુપાવું પણ છુપે નહિ તે.— ૨
નમું વ્હાલા ગુરૂ પ્રેમે, મહા સદ્ગુણથી ભરિયા;
બનું સેવક તમારો હું, નથી તાર્યા વિના આરો.— ૩
હૃદયની વાત સહુ જાણો, ગુરૂજી સર્વ મ્હારી તે;
દયા દૃષ્ટિ ગુરૂ આણી, ક્ષમા અપરાધ સહુ કરજો.— ૪
અરે ? ઓ ? તત્ત્વના પ્યાસી, અમોને તત્ત્વ પ્યાસી;
ઉગારો દુઃખ અગ્નિથી, ગુરૂજી જ્ઞાનથી મ્હારા.— ૫
તમે તો જ્ઞાનમાં રમતા, અમે અજ્ઞાનમાં ભમતા;
ઉઘાડો જ્ઞાન ચક્ષુને, સદુપદેશાંજનીએથી.— ૬

ૐ શ્રી શાંતિ, શાંતિ, શાંતિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# દાનવીર રત્નપાળ.

(ગતાંક પૃષ્ટ ૧૩૦ થી શરૂ.)

પાછળથી સુભટોએ ઓલખીને કહ્યું કે, "મહારાજા, આ રત્નપાળ વિનયપાળ રાજાનો પરાક્રમી કુમાર છે અને તેઓ રાજાધિરાજ છે, કોઇ કારણથી હાલ એકાકી ફરે છે." આ ખબર સાંભળી રાજા બળવાહન પોતાની પુત્રીને ઠેકાણે આપી એવું ધારી ઘણોજ ખુશી થઇ ગયો. રત્નપાળરાજા અર્ધરાજ્ય મેળવી રાજપુત્રી રત્નવતીની સાથે પાંચ પ્રકારે વિષય સુખ ભોગવવા લાગ્યો. પોતાના રાજ્યના દુષ્ટ મંત્રી જયરાજે જે વિશ્વાસદ્રોહ કરેલો છે, તે રત્નપાળના હૃદયમાં કોતરાઇ ગયો હતો. તેને રત્નપાળ કદિ પણ ભુલી જતો નહીં. મૃગલાએ મારેલી લાત કેશરીસિંહ કદિપણ ભુલી જતો નથી, પણ જ્યારે સમય આવે ત્યારે તે સિંહ વ્યાજ સહિત પાછી લેવાનોજ.

**રત્નપાળની તે દુષ્ટ મંત્રી ઉપર ચડાઇ.**

એક વખતે રાજા રત્નપાળે મોટું સૈન્ય લઇ તે દુષ્ટમંત્રીને જીતવાને માટે પોતાના નગર તરફ ચડાઇ કરી. પ્રયાણ કરતાં માર્ગમાં આવેલા એક જંગલમાં તેણે છાવણી નાંખી. તે સ્થળે અર્ધરાત્રિ થતાં દૂરથી એક દિવ્ય ગીતનો ધ્વનિ સાંભળવામાં આવ્યો; તત્કાળ હાથમાં ખડ્ગ લઇ પોતે એકલો ચાલી નીકળ્યો. થોડે દૂર જતાં ઉંચા શિખરવાળો અને અમૃત જેવો ઉજ્વળ એક પ્રાસાદ જોવામાં આવ્યો. સત્વના ભંડારરૂપ રાજા રત્નપાળ તે પ્રાસાદમાં પેઠો, તેવામાં સખીઓની સાથે વિદ્યાધરની કોઇ કન્યા તેની દૃષ્ટિએ પડી. તે સુંદર બાળા જિનેશ્વરની આગળ ગીત, નૃત્યાદિકથી વિવિધ ઉત્સવો કરી એક રમણીય વિમાન ઉપર બેસી સત્વર ચાલી ગઇ. તે પછી રત્નપાળ તે ચૈત્યની અંદર ગયો અને ત્યાં રહેલી શ્રી ઋષભદેવ ભગવાન્‌ની પ્રતિમાને તેણે વંદના કરી. તે પછી તે પ્રાસાદની રમણીયતાને જોવાની ઇચ્છાથી આસપાસ ફરવા લાગ્યો, તેવામાં એક દિવ્ય કંકણ તેના જોવામાં આવ્યું. તેની ઉપર **સૌભાગ્યમંજરી** એવું નામ લખ્યું હતું. રત્નપાળે તે કંકણ લીધું. પછી તે પોતાની છાવણીમાં પાછો આવ્યો. પ્રાતઃકાળે પોતાનું રાજ્ય મેળવવાની ઉત્કંઠાથી સૈન્ય સહિત પ્રયાણ કરી તે પોતાના નગરની નજીક આવી પોહોંચ્યો.

**દુષ્ટ મંત્રી જયરાજની ચિંતા.**

મહા પરાક્રમી રત્નપાળ પોતાનું રાજ્ય લેવાને આવે છે, એવા ખબર સાંભળી મંત્રી જયરાજ ચિંતામાં આવી પડયો. તેણે ચિંતવ્યું કે, "હું પ્રૌઢતાને પ્રાપ્ત થઇ ગયો છું, તો હવે એ બીચારો એકલો રત્નપાળ મને શું કરવાનો હતો ? આવા વિચારથી મેં તેને તે વખતે વનમાં જીવતો છોડી મુકયો. અરે ! દુર્દૈવે પ્રેરેલા અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નઠારી બુદ્ધિવાળા મેં તે કામ ઘણું ખોટું કર્યું. કૃષ્ણ સર્પને પુંછવગરનો કરી મેં મારા મૃત્યુને માટેજ છોડી મુકયો.” રાજનીતિમાં લખે છે કે, “આત્માનું હિત ઇચ્છનારા નીતિજ્ઞ પુરૂષોએ પ્રથમ તો મોટાની સાથે વિરોધ કરવો નહીં. અને કદિ મોટા સાથે વિરોધ કરવામાં આવે તો પછીતેને જીવતો મુકવો ન જોઇએ.” બીજે સ્થળે પણ કહ્યું છે કે, “વ્યાધિ અને શત્રુને ઉઠતાંજ દાબી દેવા, જો પછી તેઓ ઉંડા મૂળ બાંધી ઉપાયથી અસાધ્ય થાય તો પછી મૃત્યુને માટેજ થાય છે.”

હવે મુગ્ધ જનની જેમ ભૂતકાળનો શોક કરવો શા કામનો ? આજ તો હવે તેની સામે જઈ મરવું અથવા મારવું. યુદ્ધમાં શૂરવીરોના બંને હાથમાં લાડુ છે. જો શૌર્યથી મરણ થાય તો સ્વર્ગની પ્રાપ્તિ થાય છે અને શત્રુનું મરણ થાય તો રાજ્યની પ્રાપ્તિ થાય છે.”

**રત્નપાળ અને મંત્રી જયરાજનું યુદ્ધ અને તેનું મરણ.**

આ પ્રમાણે વિચારી અધમ મંત્રી જયરાજ ધીરજ પકડી મોટી સેના લઇ રાજા રત્નપાળની સામે આવી યુદ્ધમાં સામેલ થયો. બંને સેનાના શૂર સૈનિકો ક્રૂરતાથી ખડ્ગ, ભાલા, બાણસમૂહ, ગદા અને મુદ્દગરથી ચિરકાળ લડવા લાગ્યા. છેવટે રત્નપાળ રાજાના અતિ બળવાન્ સૈન્યે અધમ મંત્રી જયરાજના સૈન્યને હરાવી દીધું. જ્યારે પોતાનું સૈન્ય ભયથી નાશવા લાગ્યું, એટલે ક્રોધ પામેલા જયરાજે રત્નપાળની સેનામાં અવસ્વાપિની નિદ્રા મુકી. તેનાથી તત્કાળ બધું સૈન્ય ચૈતન્ય રહિત થઇ ગયું. તેમના હાથમાંથી હથીયારો ગળી પડ્યા, તે પણ તેમના જાણવામાં આવ્યા નહીં. જ્યેષ્ટ માસની જેમ સર્વને કામ કરવામાં મંદ થયેલા જોઇ રાજા રત્નપાળ કષ્ટમાં આવી પડી હૃદયમાં ચિંતવવા લાગ્યો. તે સમયે પેલો વિદેશી શ્રાવક કે જેની ગ્લાન અવસ્થામાં પોતે બરદાસ્ત કરી હતી, તે દેવતા થયો હતો. તેણે અવધિ જ્ઞાનથી જોયું ત્યાં પોતાનો ઉપકારી રત્નપાળ આપત્તિમાં આવેલો દેખાયો. તત્કાળ તેનો પ્રત્યુપકાર કરવાને ત્યાં હાજર થયો અને તેણે અવસ્વાપિની નિદ્રા હરી લઇ રત્નપાળના સર્વ સૈન્યને સાવધાન કરી દીધું. તે દેવના સાંનિધ્યથી જેનામાં અદ્ભુત બળ પ્રગટ થઇ આવ્યું છે, એવું તે સૈન્ય પુનઃ ઉત્સાહથી યુદ્ધ કરવાને તૈયાર થઇ યુદ્ધ કરવા લાગ્યું. જ્યારે સૈન્ય સ્વસ્થ થયું એટલે જેનું વિદ્યાબળ ક્ષીણ થઇ ગયું છે એવો મંત્રી જયરાજ જયલક્ષ્મી તરફ નિરાશ થઈ ગયો. દુષ્કર્મની ગરમીમાં જેના આત્માની શક્તિ વિલય પામી છે, એવો જયરાજ મરાયો અને મરીને સાતમી નરકે ગયો. આ વખતે રાજા રત્નપાળના મસ્તક ઉપર દેવતાઓએ પુષ્પવૃષ્ટિ કરી અને ‘ ધર્મેજય અને પાપે ક્ષય ’ એવી વાણી આકાશમાં પ્રસરાવી. આ સમયે પેલો દેવ પ્રગટ થઇને બોલ્યો “ હે મિત્ર, હું જ્યારે વિદેશી શ્રાવક ગ્લાન અવસ્થામાં હતો, ત્યારે તેં મારી ઘણી બરદાસ કરી હતી. પછી હું સમાધિથી મૃત્યુ પામી દેવ થયો હતો. આજે તને સંકટમાં આવી પડેલો જોઇ હું અહિં આવ્યો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને તારા સૈન્યની અવસ્વાપિની નિદ્રા હરી મેં તને જયલક્ષ્મી આપી છે " આ પ્રમાણે કહી તે દેવે રત્નપાળની આગળ હજારો સુવર્ણ તથા રત્નની કોટીઓ મુકી અને પછી તે પોતાના દેવલોકમાં ચાલ્યો ગયો.

**રત્નપાળને રાજય પ્રાપ્તિ**

જયરાજ મંત્રીને જીતી રત્નપાળે પોતાની પ્રિયા શૃંગારસુંદરીને મળવાને ઉત્સુક થઈ રાજધાનીમાં પ્રવેશ કર્યો. તે વખતે પ્રજાઓએ મોટા ઉત્સવો કરી બતાવ્યા. હર્ષ પામેલી શ્રૃંગાર સુંદરીએ પછી પતિની આજ્ઞાથી સુંદર ભોજનથી પારણું કર્યું અને સર્વ અંગે શ્રૃંગાર ધારણ કર્યો. પોતાના જવા પછી શ્રૃંગાર સુંદરીએ પોતાના શીળના રક્ષણ માટે જે જે કદર્થના સહન કરી હતી, તે સાંભળી રત્નપાળ ઘણો ખુશી થયો અને તેણે પછી શ્રૃંગાર સુંદરીને પોતાની પટરાણી બનાવી.

**રત્નપાળને પત્રવલ્લી અને મોહવલ્લી નામની બેવિદ્યાધર કન્યાઓનો લાભ.**

પછી રાજા રત્નપાળ નીતિથી રાજ્ય કરવા લાગ્યો. એક વખતે કેટલાએક વનેચરોએ આવી રાજા રત્નપાળને આ પ્રમાણે કહ્યું, " હે રાજકુંવર, પર્વતના જેવા શરીરવાળો કોઇ વનનો જાતિવંત હાથી આપના પુણ્યોથી પ્રેરાઈને ઉદ્યાનમાં આવી ચડયો છે. " આ ખબર સાંભળતાંજ કૌતકથી તે વનના ગજેંદ્રને વશ કરવા માટે ગજશિક્ષામાં નિપુણ એવો રત્નપાળ રાજા સત્વર ઉદ્યાનમાં આવ્યો, પ્રથમ રત્નપાળે પોતાનું ઉત્તરીય વસ્ત્રને ગોટો કરી તે ગજેંદ્રની આગળ નાંખ્યું. એટલે તે મદોન્મત્ત હસ્તી ક્રોધથી તે વસ્ત્રના ગોટાને દંતોશળથી લેવા દોડયો; તેવામાં પૃષ્ટ ભાગે આવી રત્નપાળે દ્રઢ મુષ્ટિથી તેની ઉપર પ્રહાર કર્યો. તત્કાળ તે સામો વળ્યો એટલે રત્નપાળે તેને ચક્રની જેમ ભમાડયો અને ઘણો ખેદ પમાડયો. લાંબો કાળ ભમાડવાથી તે હાથી સેવકની જેમ વશ થઈ ગયો પછી રાજા રત્નપાળ તેની ઉપર ચડી બેઠો તેવામાં તે વનનો હાથી કપટ પ્રકટ કરી ગરૂડની જેમ અકસ્માત્ આકાશમાં ઉડી ગયો; તે એટલે ઉંચે ગયો કે જયાંથી રાજા રત્નપાળને પૃથ્વી તરફ નીચે જોતા નદીઓ પૈડાના ચીલા જેવી, મોટા પર્વતો મૂડા ધાન્યના ઢગલા જેવા અને મોટા નગરો કીડીઓના દર જેવા દેખાયાં; આકાશમાં એટલે ઉંચે જતાં પણ રાજા રત્નપાળને જરા પણ ભય લાગ્યો નહિં. તેણે વિચાર્યું કે, " આ મારો જો મિત્ર હશે તો તેણે મને વિવિધ આશ્ચર્ય વાળી પૃથ્વીને બતાવા માટે હર્યો હશે અથવા કોઇ શત્રુ હશે તો કોઇ મોટી આપત્તિમાં નાંખવા માટે મને ઉપાડયો હશે. " આ પ્રમાણે મનમાં સંશય લાવતો રત્નપાળે એક મોટું તળાવ આવ્યું એટલે તે હાથીના સ્કંધ ઉપરથી પડતું મુકયું અને તે તળાવમાં પડયો. ત્યાંથી તરતો તરતો તેના તીર ઉપર આવ્યો. ત્યાં એક દિવ્ય પ્રાસાદ જોવામાં આવ્યો. રાજા રત્નપાળ તેમાં દાખલ થયો. પ્રાસાદના ત્રીજા માળ ઉપર ચડયો, ત્યાં બે ઘણાં મોટા રક્ષાના ઢગલા જોયાં. તેઓની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નજીક એક સીંકા ઉપર રસથી ભરેલું મોટું તુંબીફળ જોયું. રાજાએ તે હાથમાં લીધું. તેમાંથી એક રસનો બિંદુ નીંચે પડયો. ત્યાં તેમાંથી બે દિવ્ય સ્ત્રીઓ પ્રગટ થઇ આવી. રત્નપાળે વિસ્મય પામી તેમને પુછયું, " તમો બંને કોણ કોણ છો ? આવા દિવ્ય રૂપવાળી તમે અકસ્માત્ આ રક્ષાના પુંજમાંથી કેમ પ્રગટ થઇ આવી ? " રાજા રત્નપાળની સામે પ્રેમથી જોતી તે બંને સ્ત્રીઓ આ પ્રમાણે બોલી– " ભદ્ર, અમો બંને વિદ્યાધરોના રાજા મહાબળની પુત્રીઓ છીએ. અમારા નામ **પત્રવલ્લી** અને **મોહવલ્લી** છે. અમો જ્યારે યૌવન વયને પ્રાપ્ત થઇ ત્યારે અમોને પરણવાની ઇચ્છા રાખનારા મહા પરાક્રમી માતંગે અમારૂં હરણ કર્યું અને વિદ્યાથી રચેલા આ ઘરમાં અમોને મુકી; ઇર્ષ્યાળુ હૃદયવાલો તે માતંગ જ્યારે બાહેર જવાને ઇચ્છે છે, ત્યારે તે અમોને આ રક્ષાના ઢગલાઆં વિદ્યાના બળે ગુપ્ત કરી દે છે. જ્યારે પાછો આવે છે, ત્યારે તુંબીફળના રસથી અમોને પ્રગટ કરે છે. આજે તે ક્રૂર વિદ્યાધર ગયા પછી અમારા પુણ્ય યોગે તમો આવી ચડયા છો, હે સુંદર પુરૂષ હવે તે દુરાત્મા તમોને અહીં આવેલા ન જાણે તેમ થવું જોઇએ. "

આ પ્રમાણે તે સુંદર બાળાઓ કહેતી હતી, તેવામાં તો વિદ્યાબળથી ઉદ્ધત થયેલો અને તેમને પરણવાને ઉત્સુક થયેલો માતંગ ત્યાં આવી પહોંચ્યો. તે વખતે ' આપણે માટે આ દુરાત્મા આવા નર રત્નને મારી નાંખશે ' એમ હૃદયમાં તે બંને સુંદરીઓ ચિંતા કરવા લાગી અને રાજા રત્નપાળ ચિંતવવા લાગ્યો કે, ' હું અહિં છું, એ વાત આ દુષ્ટ જાણતો નથી તેથી ગુપ્ત રહીને તેને મારી નખાય પણ છુપી રીતે મારવું એ ક્ષત્રિયોનો ધર્મ નથી, પ્રથમ તેને હું બોલાવું " આ પ્રમાણે રાજા ચિંતવતો હતો, તેવામાં પેલો હાથી અકસ્માત્ ત્યાં આવ્યો અને તેણે સુંઢથી પકડી ઉછાળી દંતોહળથી તે માતંગને મારી નાંખ્યો. " આ આકાશગામી હાથી કોણ હશે ? અને તેણે શામાટે અહીં આવી આને મારી નાંખ્યો હશે ? " એમ વિચારતો રાજા રત્નપાળ સાનંદાશ્ચર્ય થઇ ગયો. **અપૂર્ણ.**

ॐ.

# " मायामां अंध थयेला मन पर ज्ञान प्रकाश– "

## ( તે સવિતા પરિબ્રહ્મ પ્રભુનું —એ લય. )

જાગી જોને મુસાફર શાણા જાગી જો જગમાંહે રે–
જાગી જો જગ માંહેરે–( ૨ )
તરૂવર પર જેમ પંખી મલ્યાં છે, તેમ જરૂર જીવ જાણરે;
દશ દિશાએ ઉડી જાવું છે, ઉષા થયે પ્રમાણ રે– ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આકળનાં મોતી લેવાને, મિથ્યા તું મલકાતોરે;
મૃગજલને મૃગ દેખી દોડે, પછીથી પસ્તાતોરે— ૨
સ્મરણ કરીલે હરિનું ભાવે, ઓચિંતું છે જાવું રે;
સંસાર સુખની સાહ્યબી કેવી, સ્વપ્નમાંહે જેમ ખાવું રે— ૩
લોહ કુન્દન પારસથી બનતું, મન ભમરા લે માનીરે;
અદષ્ટમાં તું દ્રષ્ટી મેળવવા, ગોતી લે ગુરૂ જ્ઞાનીરે— ૪

તા૦ ૩૦—૧૦—૧૩

લેખકઃ—
વિઠ્ઠલરાય મોતીરામ પંડયા.
રંગુન.

## વર્તમાન શ્રાવક સંસારમાં કઇ કઇ ખામીઓ છે? અને તે દૂર કરવાની શું જરૂર નથી?

વર્ત્તમાન સમયે શ્રાવક સંસાર કેવી સ્થિતિમાં છે, તેનો વિચાર કરતાં જણાય છે કે, તેની અંદર અનેક પ્રકારની ખામીઓ જોવામાં આવે છે. જોકે એવી ખામીઓ ઘણા ખરા આર્ય સંસારમાં રહેલી છે, છતાં શ્રાવક સંસારમાં તે વિશેષ હોવાથી પ્રસ્તુત પ્રસંગે તેનું વિવેચન કરવામાં આવે છે. શ્રાવક સંસારમાં મુખ્યત્વે કરીને ચાર ખામીઓ છે, તે ખામીઓ ઊધાઇની જેમ શ્રાવક સંસારરૂપ સ્તંભને કોતરી ખાય છે. અને તેને તદન નિઃસાર બનાવી છે. તેમાં પ્રથમ ખામી કેળવણીની છે. જે કેળવણી અત્યારે ભારતવર્ષની પ્રજાને ઉન્નતિના માર્ગો આપે છે અને પશ્ચિમની પ્રજાના ન્યાયી રાજ્ય નીચે પૂર્ણ વિકાશ પામતી જાયછે, તે કેળવણી શ્રાવકપ્રજાને પૂરેપૂરી મળતી નથી. જૈનપ્રજા વ્યાપારના માર્ગની પથિક છે. પરંપરાથી તે પ્રજાને ભારતવર્ષમાં વ્યાપારનો વારસો મળેલો છે, છતાં તે તરફ કરવા યોગ્ય સુધારણા કાંઇ પણ કરી શકાતી નથી. ઘણા અપૂર્વ જ્ઞાનવાળા લોકો કેળવણીનો અર્થ, મેટ્રીક, બી. એ. અને એમ, એ વગેરે ડીગ્રી મેળવવાનોજ સમજે છે. અને તે ડીગ્રી મેળવ્યા પછી સેવાવૃત્તિની શોધ કરવામાં પ્રયત્ન કરી, તે મેળવી તેમાંજ જીવનની પૂર્ણતા કરવામાં સાર્થકતા સમજે છે, પણ એ તદન ભુલ ભરેલું છે. કેળવણીનો અર્થ કેવળ એકજ માર્ગ પ્રવર્ત્તી ડીગ્રી મેળવવાનો નથી પણ તેનો અર્થ વિવિધ માર્ગે પ્રવૃત્તિ કરી સ્વહિત, પરહિત અને દેશહિત કરવાના ઉપાયો મેળવવાનો છે. કેળવણીના સર્વ માર્ગોમાં વ્યાપારમાર્ગ સર્વોત્તમ છે. અને આર્હત પ્રજા એ માર્ગની પૂરેપૂરી અનુભવી છે. દેશ અને પ્રજાની ઉન્નતિનો આધાર વ્યાપાર ઉપર છે. એ વ્યાપારકળા જૈનપ્રજાના હાથમાં છે, છતાં તેને કેળવવાનો કાંઇ પણ પ્રયત્ન થતો નથી, એ શ્રાવક સંસારમાં મોટી ખામી છે. જૈનપ્રજામાં પોતાની જૈનબૅન્ક સ્થાપવાની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જે યોજના કરવામાં આવી હતી પણ તેનો યોગ્ય અમલ થયો નથી. શ્રીમંત જૈનો પોતાની વિશુદ્ધ અને બલિષ્ટ કર્ત્તવ્ય-ભાવના ભાવતા નથી. જૈનોનો મોટો ભાગ વ્યાપારના ઉત્તેજન વિના સીદાય છે. જેમનામાં સ્વાભાવિક રીતે વ્યાપાર કરવાની શક્તિ છે, તેવી ઘણી વ્યકિતઓ ઉત્તેજન વિના અધમ સેવાવૃત્તિ કરી પોતાનું ગુજરાન ચલાવે છે. સ્વદેશ કે સ્વગ્રામમાં સમર્થ જૈનશ્રીમંતો રહેતા હોય, પોતાની જામેલી પેઢીઓ ચાલતી હોય છતાં તે દેશના અને ગ્રામના ગરીબ જૈનો સહાય સંપત્તિ વગર અત્યંત હેરાનગતિ ભોગવે છે. આ પ્રસંગે દીલગીરી સાથે લખવું પડે છે કે, કેટલાએક શ્રાવક શ્રીમંતો પોતાના સાધર્મિ બંધુ ગરીબ શ્રાવકો ઉપર વિશ્વાસ રાખતા નથી. તેમને અવિશ્વાસની દૃષ્ટિએ જોયા કરે છે. સ્વજ્ઞાતિ, સ્વધર્મ, સ્વકુળ અને સ્વસંબંધ ઉપર વિશેષ ઉપેક્ષા રાખે છે. સાંપ્રતકાળે કેટલાએક જૈન શ્રીમંતોના ગૃહ, વ્યાપાર અને બીજા કાર્યોમાં અન્યમતિઓ ને જે આશ્રય કે ઉત્તેજન મલે છે, તેવો આશ્રય કે ઉત્તેજન સ્વજ્ઞાતિ, સ્વધર્મ, અને સ્વકુળવાળા જૈન બંધુઓને મળતો નથી. મુશ્કેલીમાં આવી પડેલા જૈન બંધુઓ પોતાના સાધર્મી અને સંબંધી શ્રીમંતો તરફથી કાંઇ પણ સહાય કે ઉત્તેજન મેળવી શકતા નથી, એ અતિ અપશોષની વાર્ત્તા છે. કદિ કોઇ જૈન શ્રીમંતને કોઇ શરમના ભારથી કે બીજા અનિવાર્ય કારણથી પોતાના સાધર્મી સંબંધીને સેવાવૃત્તિમાં રાખવો પડે તો તેને હલકા સ્થાન ઉપર મુકે છે. આ કેવી અધમવૃત્તિ કહેવાય ? ઊપરથી ધાર્મિકપણાનો આડંબર રાખનારા, ઘણે પ્રસંગે સાધર્મિવાત્સલ્યના ભોજનો આપનારા અને ઊપાશ્રયની ભૂમિમાં ગુરૂભકિત બતાવા વારંવાર ભટકનારા શ્રીમંતો પોતાના સાધર્મિવાત્સલ્યના ખરા કર્ત્તવ્યથી વિમુખ રહે છે, એ કેવી શ્રાવકતા ? જ્યાંસુધી શ્રીમંત શ્રાવકોના હૃદયમાંથી એ લઘુ વિચાર પરાસ્ત થશે નહીં. ત્યાંસુધી જૈન પ્રજાના ગરીબ વર્ગનો ઉદ્ધાર થશે નહીં. જ્યારે જૈન શ્રીમંતો પોતાના વ્યાપારની અંદર પોતાના ધર્મબંધુઓને અગ્રપદ આપશે, તેમને પોતાના વ્યાપારમાં ભાગીદાર તરીકે નીમશે, અથવા વિશ્વાસ રાખી તેમને વ્યાપાર કરવા માટે દ્રવ્યની સહાય આપશે, ત્યારે જૈન પ્રજા ઊદયના શિખર ઊપર આરૂઢ થશે અને તેમના વ્યાપારની સુંદર વાટિકા ખીલી નીકળશે.

જૈન શ્રીમંતો જો પૂર્વનો ઇતિહાસ જોશે તો તેમને પ્રતીતિ થશે કે, પૂર્વકાળના શ્રીમંતોમાં કેવું સાધર્મિવાત્સલ્ય હતું. સંપ્રતિ રાજાના સમયમાં એવી આજ્ઞા કરવામાં આવી હતી કે, " રાજા સંપ્રતિના રાજ્યમાં કોઇ પણ દુઃખી ન હોવું જોઇએ. તેમાં ખાસ કરીને તેમના હૃદય ઉપર જૈનધર્મની આસ્તા રહેલી હોય અને જેઓ ત્રિકાળ જિન પૂજા કરનારા હોય તેમને તો અલ્પ પણ દુઃખ ન દેવું જોઇએ. " મહારાજા સંપ્રતિની એ ઘોષણામાં કેવું સાધર્મિવાત્સલ્ય રહેલું હતું ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે સાંપ્રત કાળના શ્રીમંતો ને વિચારણીય છે. તે શિવાય ચરિતાનુયોગના બીજા ઘણા પ્રસંગોમાં ધર્મ બંધુના શુદ્ધ પ્રેમના ઉદ્દગારો જોવામાં આવે છે. તે પ્રસંગનું એક નીચેનું પદ્ય મનન કરવા યોગ્ય છે.

" पततु धर्मबंधूनां मा कदाऽश्रूणि दुःखतः
न शक्ताः तद्वयं दृष्टं नित्यं तद्दुःख दुःखिताः ॥ १ ॥

"અમારા ધર્મ બંધુઓના દુઃખના અશ્રુ કદિ પણ પડશો નહીં. તેમના દુઃખે દુઃખી એવા અમે તે જોઈ શકીશું નહીં." ૧

આવા પૂર્વના ઉદ્દગારોનું સ્મરણ કરી વિચારવું જોઇએ કે, સાંપ્રતકાળે જૈન ગરીબ પ્રજાના દુઃખ દૂર કરવા શ્રીમંતોએ તન, મન અને ધનથી પ્રયત્ન કરવો જોઇએ. વ્યાપારની કેળવણીને ખીલવવા દ્રવ્યની પૂર્ણ સહાય કરવી જોઇએ. ભારતવર્ષના મહાન્ સ્થળમાં વ્યાપાર કલાની ( કોમશીઅલ ) કોલેજો સ્થપાવા લાગી છે, તેની અંદર તીવ્ર બુદ્ધિવાળા ગરીબ જૈન પ્રજા સંતાનોને માસિક વેતન આપી મોકલવા જોઈએ. એ ખામી દૂર કરવાથી શ્રાવક સંસાર પાછો પૂર્વની સ્થિતિ પર આવ્યા વગર રહેશે નહીં.

શ્રાવક સંસારમાં બીજી ખામી કુસંપની છે. ચતુર્વિધ સંઘની પવિત્ર ગ્રંથિને કુસંપે તોડવા માંડી છે. શ્રાવક, શ્રાવિકા, સાધુ અને સાધ્વી એ ચતુર્વિધ સંઘની સુબદ્ધ શ્રૃંખલાને તોડવાને માટે જૈન પ્રજામાં કુસંપે પ્રવેશ કરેલો છે. શ્રીમંત શ્રાવકો કે સામાન્ય શ્રાવકો ઉભય જ્ઞાતિ અને સંઘની સત્તાને માટે સ્પર્ધાના વમળ ઉપર ચડયા કરે છે. જો કે એ સત્તા આજકાલ નાટકના રાજા કે દીવાનના જેવી થઇ ગયેલી કેટલે સ્થળે દેખાય છે. જે શોચનીય છે, છતાં પણ તેને માટે બાહ્ય અને આંતર વાગ્યુદ્ધ અને મનોયુદ્ધ ચાલ્યા કરે છે. સંસારના સર્વ કઠોર અને મલિન માર્ગને છોડી ચારિત્રના નિર્મલ માર્ગમાં પ્રવાસ કરનારા કેટલાએક સાધુઓ પણ કુસંપના ભોગ થઇ પડયા છે, અને આનંદઘનજી મહારાજે ચૌદમા પ્રભુના સ્તવનમાં કહ્યું છે તેમ " ગચ્છના ભેદ બહુ નયણ નિહાળતાં તત્ત્વની વાત કરતાં ન લાજે " તેમ કેટલેક સ્થળે તેમની અંદર સંઘેડા અને ગચ્છના ભેદનું મહાન્ અંધકાર વ્યાપી ગયું છે. સર્વ એકજ વીર પ્રભુના બાળક છતાં પરસ્પર વૈરયુદ્ધ દ્રષ્ટિગોચર થાય છે. પવિત્ર નિર્ગ્રંથ નામને ધારણ કરનારા મુનિઓના મંડળમાં પણ કલહ બીજ રોપાયા છે એટલુંજ નહીં પણ વીરપ્રભુના મુનિ સંતાનોની ઉપર ન્યાયાસનના ( સમન્સ ) નીકળેકે તેમાં તેવા કુસંપોને અંગે જવું પડે છે તે આસ્તિક હૃદય વાળાઓનું અંતઃકરણ અશ્રુપાત કરે તેમાં નવાઇ નથી. આ બધો કુસંપનોજ વિલાસ છે. જયાં સુધી આવો કુસંપનો વિલાસ શ્રાવક સંસાર ઉપર પ્રવર્ત્તે છે, ત્યાં સુધી શ્રાવક સંસાર ઉન્નતિ પર આવી શકે તેમ નથી. શ્રાવક સંસારની અંદર કુસં-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પની જે ખામી છે, તે સર્વથા દૂર કરવી જોઇએ. આ તમામ બને છે તેનું કારણ બંને વ્યકિતમાં કોઇ અત્યારે નાયક–લીડર નથી, એમ બુદ્ધિવાન મનુષ્યને લાગે છે. શ્રાવક સંસારમાં ત્રીજી ખામી સ્ત્રી કેળવણીની છે. શ્રાવક બાળાઓને જેવી કેળવણી જોઇએ, તેવી કેળવણી મલી શકતી નથી. સાંપ્રત કાળે તેને માટે થોડી ઘણી જાગ્રતિ થવા લાગી છે, પણ તેની યોજના ઉત્તમ પ્રકારે થતી નથી. જમાનાને અંગે સ્ત્રી કેળવણીની આવશ્યક્તા સમજનારા ગૃહસ્થો ભારે પ્રયત્ન કરી શ્રાવિકા શાળાઓ ઉભી કરે છે, પણ પછી તેની સ્થિતિ જન્મ્યા પછી માતા રહિત થયેલા સંતાનના જેવી થાય છે. પ્રથમ જે ઉત્સાહથી જૈન કન્યાશાળા કે શ્રાવિકાશાળા સ્થાપવામાં આવી હોય, તે ઉત્સાહ ઘડીયાળના ચક્ર જેટલો રહે છે. ચાવી ઉતરી ગયા પછી બંધ પડેલી ઘડીયાળના જેવી તે શાલાઓની સ્થિતિ થાય છે; પાછળથી તે શાળાઓની કેવી વ્યવસ્થા છે? તેની અંદર કેવું શિક્ષણ અપાય છે? ત્યાં નીમેલા શિક્ષકો કેવું કામ કરે છે? અને શાળાનો લાભ કેટલી કન્યાઓ કેમ કેટલો લે છે? ઇત્યાદિ કાંઇ પણ જોવામાં આવતુંજ નથી. તે તરફ ઉપેક્ષા કરવામાં આવે છે. કેટલીએક સંસ્થા તો નામનીજ ચાલે છે અને ત્યાંના કાર્યકારકો નકામો પગાર લીધા કરે છે. આથી એવી સંસ્થાઓ આખરે દ્રવ્યનો ભોગ આપ્યા છતાં મંદપડી જાય છે અને પછી માત્ર આગળ ફૂંકાયેલા બણગાની ખાતર–કે કીર્તિની ખાતર અને નામની ખાતર તેમા વૃથા દ્રવ્ય ભોગ થયા કરે છે.

આ ખામી દૂર કરી સ્ત્રી કેળવણીની સંસ્થાઓને શ્રીમંતોએ ઉત્સાહથી તેનું વારંવાર નિરીક્ષણ કરી ખીલાવવી જોઈએ. સ્ત્રી કેળવણી એ સર્વ સંસારનો પાયો છે. ભવિષ્યની પ્રજાને સર્વ પ્રકારનું પોષણ તે દ્વારાજ મળવાનું છે. કેળવાએલી કાંતાઓ સંસારના આખા સ્વરૂપને ફેરવી શકે છે. સંસારનો આધાર પ્રેમ ઉપર છે. તે પ્રેમની પોષક માતા સ્ત્રીઓ છે. પ્રેમોદ્યાનની ઉદ્યાન પાલિકા પ્રમદાજ છે. કેળવણી વગરની સ્ત્રીઓ દુર્ગુણોને આમંત્રણ આપનારી થાય છે. સંસારમાં જે સ્ત્રી સ્વચ્છંદાઓ, કંકાશને વધારનારીઓ, અનાચારિણીઓ, અધર્મિણીઓ, કઠોર બોલનારી કર્કશાઓ અને અસ્વચ્છતાથી ભરપૂર દેખાય છે, તે સ્ત્રીકેળવણીના અભાવનું પરિણામ છે, તેથી શ્રાવક સંસારમાં સ્ત્રી કેળવણીની જે ખામી છે, તે દૂર કરવા શ્રીમંતોએ પ્રયત્ન કરવોજોઇએ. શ્રાવક સંસારમાં ચોથી ખામી ધાર્મિક અજ્ઞાનતાની છે; આર્હત ધર્મના રહસ્યો કેવા છે? આર્હત ધર્મના સૂક્ષ્મ હેતુઓ શા છે? અને આર્હત ધર્મનો ક્રિયા માર્ગ કેવા મુદ્દા ઉપર રચાયેલો છે? એ સંબંધી જૈન પ્રજા પૂર્ણ જ્ઞાન ધરાવતી નથી. જે કોઇ ધર્મ સાધન થાય છે, તે ગાડરીયાપ્રવાહની પેઠે થાય છે. ભગવાન્ મહાવીર પ્રભુએ પોતાના શાસનને માટે જે નિયમો બાંધ્યા છે, તે નિયમોમાંજ જૈન પ્રજાની સર્વ પ્રકારની ઉન્નતિના સાધનનો સમાવેશ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરેલો છે. વીરવાણીનું રહસ્ય સમજવાને માટે કાંઇ પણ ઉહાપોહ કરવામાં આવતો નથી. જૈન ધર્મના શ્રાવકો અને ધર્મ ગુરૂઓ કેવા હોવા જોઇએ ? તેમનું કર્ત્તવ્ય કેવું હોવું જોઇએ ? અને તેમની પ્રવૃત્તિ કેવા પ્રકારની હોવી જોઇએ ? એ સંબંધી સૂક્ષ્મજ્ઞાન શ્રાવકો ભાગ્યેજ ધરાવતા હશે. આર્હત ધર્મના કાનુનો બારીક પણે જાણવા જોઇએ. અને તેમાં રહેલા ઉચ્ચ આશયોને સમજી તે પ્રમાણે વર્ત્તન કરવામાં આવે તો શ્રાવક સંસાર સંપૂર્ણ ઉન્નતિનું ભાજન બન્યા વગર રહે નહીં. સાંપ્રતકાલે કેટલાએક જૈન મુનિ મહારાજો અને વિદ્વાન શ્રાવકો તે સંબંધી વિવેચન કરવા લાગ્યા છે, પરંતુ તેનું વાંચન અને મનન કરવાના અધિકારી શ્રાવકો કોઇકજ નીકલે છે. ઘણો વર્ગ ગાડરીયા પ્રવાહનેજ માન આપનારો દેખાય છે. આ ખામીને લઇને શ્રાવક સંસાર પોતાની ધાર્મિક અને વ્યાવહારિક ઉન્નતિથી વિમુખ રહે છે.

ઉપર કહેલી આ ચાર ખામીઓ દૂર કરવામાં આવે તો શ્રાવક સંસાર પાછો પૂર્વની ઉન્નતિનું દર્શન કરી શકશે; અને તે છિન્ન ભિન્ન થયેલી તેમની કલ્યાણ વિભૂતિના અમૃતમય પરમાણુઓને પાછા સંપાદન કરી શકશે. સ્વધર્મ તરફ અપૂર્વ પ્રેમ, આર્હત ધર્મના તત્ત્વનો વિચાર, આત્મજ્ઞાન, માનવ જીવનના આનંદનો વિકાશ અને શ્રાવકત્વના દિવ્ય સ્વરૂપનું સુખ તે મેલવશે. શ્રી વીરશાસનના અધિષ્ઠાયક પ્રત્યે પણ અમારી એજ પ્રાર્થના છે કે, તેઓ શ્રાવક સંસાર પૂર્ણ અભ્યુદય પ્રાપ્ત કરે તેવી પ્રેરણા કરે. " तथाऽस्तु. "

**એક મુમુક્ષુ આત્મા.**

# સાત્વિકી વૃત્તિનું ઝરણું.

જેમ લક્ષણ ઉપરથી લક્ષ્ય બંધાય છે તેમ ગુણો ઉપરથી મનુષ્ય સ્વભાવની વૃત્તિઓ ઘડાય છે. આ વૃત્તિઓ જ્યારે સ્થૂલ સ્વરૂપે અનુકૂળ કે પ્રતિકૂળપણે દ્રષ્ટિગોચર થાય છે ત્યારે તે મનુષ્યની પ્રવૃત્તિઓ રૂપે સંબોધાય છે. મનુષ્યની પ્રત્યેક પ્રવૃત્તિનું મૂળ કારણ આત્મિક ગુણ હોઇ તે ગુણ સીધી દિશામાં છે કે આડકતરી દિશામાં છે તે વિચારવાનો યોગ્ય તપાસ વડે વિચારી શકે છે. કેમકે જે ગુણ આત્માને ઉપકારક બને, તેની શુદ્ધ સ્થિતિનું ભાન કરાવી શુભ પ્રવૃત્તિમાં જોડે તે ગુણ સરલ દિશામાં ગણાય છે અને તેથી ઉલટું જે ગુણ આત્માને વિષય કષાયમાં, અનુચિત પ્રવૃત્તિઓમાં અને સંકુચિત મર્યાદામાં યોજે તે પ્રતિકૂળ દિશામાં ગણાય છે. ઉભય આત્માના ગુણો છે પરંતુ પ્રથમનો ગુણ સ્વાભાવિક પણે ઉત્પન્ન થાય છે જ્યારે અન્ય ગુણ પરસંયોગ વડે ઉદ્ભવતો વિભાવિક ગુણ છે.

સાંખ્ય દર્શન કહે છે કે **सत्त्वं रजस्तम इति गुणाः प्रकृति संभवाः ॥** સત્ત્વ, રજસ્ અને તમસ્ એ ત્રણ ગુણો પ્રકૃતિથી ઉદ્ભવેલા છે તેમ માની **सर्वारंभपरित्या-**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



गी गुणातीतः स उच्यते 'સર્વારંભોને ત્યજનશીલ પુરૂષ ગુણાતીત બને છે' આ હકીકતને જૈન સાથે સરખાવતાં જગતની દ્રષ્ટિએ તે વિશિષ્ટ પ્રકારની નવીનતા બતાવે છે; સાંખ્યો પ્રકૃતિ (કર્મ) થી ઉત્પન્ન થયેલા ત્રણે ગુણો માને છે જ્યારે જૈન દર્શન આત્માના સ્વાભાવિક અને વિભાવિક ગુણો એવી માન્યતાવાળું છે; સત્વગુણનું જેમ અધિક પોષણ થાય તેમ તેમ સાત્ત્વિકી વૃત્તિ વધારે સામર્થ્યવાળી ઘડાય છે અને છેવટે તે ગુણ પરાકાષ્ઠાએ પહોંચે છે.

જૈન દર્શનના કથનાનુસાર વિચારતાં રજોગુણ અને તમોગુણનો અપ્રશસ્ત રાગ અને દ્વેષમાં અંતર્ભાવ થાય છે જ્યારે સત્ત્વગુણ એ પ્રશસ્ત રાગમાં સમાય છે. શુભ અનુષ્ઠાનો તરફ આત્માનો પ્રેમ એ તેનો સત્વગુણ છે, જ્યારે અન્ય અવસ્થામાં તે રજોગુણી અથવા તમોગુણી કહેવાય છે. આત્માની આ જુદી જુદી અવસ્થામાં નજીકના સંયોગોને લઇને જ્યારે જ્યારે તે તે ગુણોમાં પ્રવૃત્ત થાય છે ત્યારે ત્યારે તદનુકૂળ વૃતિઓનું સ્વામિત્વ તેના ઉપર થાય છે, વિચારો પણ તેવાજ બંધાય છે અને કાર્ય પણ તેવુંજ દ્રષ્ટિગોચર થાય છે.

ખાસ કરીને આ ત્રણે વૃત્તિઓનો આધાર ખોરાક, સ્થાન અને સંગતિ ઉપર આધાર રાખેછે. પૂર્વના પરિચિત સંસ્કારો એ પણ અગત્યનો ભાગ ભજવે છે છતાં આ ત્રણ બાબતો ઉપર સવિશેષપણે લક્ષ અપાય અને ઉદ્યમવડે ઉત્તમ ખોરાક, ઉત્તમ ક્ષેત્ર અને સત્સંગતિ ઉપર જીવન વ્યવહાર ચલાવાય તો સાત્વિક ગુણ પ્રકટવાની સાથે સાત્ત્વિકી વૃત્તિઓનું પોષણ થઇ જગતને પણ ઉપકારક કાર્યો કરવા શક્તિમાન્ બને છે.

રાજસી વૃત્તિવાળા મનુષ્યનું વર્તન કામરાગ, સ્નેહરાગ અને દ્દષ્ટિરાગમાં અંજાઇ ગયેલું હોય છે; તામસી પ્રકૃતિવાળા મનુષ્યનું વર્તન ક્રોધના આવેશવાળું, રૌદ્રધ્યાનથી પરિપૂર્ણ, અને અહંકારમાં આરૂઢ હોય છે; જ્યારે સાત્ત્વિકી વૃત્તિવાળા મનુષ્યનું વર્તન દાન-શીલ-તપ અને શુદ્ધ ભાવનામાં આદરવાળું તેમજ ગુણી જનોને જોઇ ગુણો તરફ સંગ્રાહક વલણની ( Collective Tendency ) પ્રેરણાવાળું અને વિશ્વબંધુત્વ ( Universal Brotherhood ) માં પ્રવૃત્તિવાળું હોય છે.

આ ઉપરથી જોઇ શકાશે કે આ સાત્વિક ગુણોનો મુખ્ય આધાર બહારના પરિચયો સાથે છે. તે ગુણની વૃદ્ધિ કરવા માટે પવિત્ર વાતાવરણવાળા સ્થાનકોનો આશ્રય કરવો ઇષ્ટ છે, તીર્થ સ્થાનમાં જઇ વખતનો મોટો ભાગ વીતાવવાની જરૂર છે, પુસ્તકો પણ તેવાંજ વૃત્તિને ઉત્તેજિત કરે તેવા વાંચવાની આવશ્યકતા છે. મનુષ્યોનો મોટો ભાગ રાજસી અને તામસી પ્રકૃતિને ઉત્તેજક સંયોગોને શોધતા હોય છે અને કૂવાના દેડકાંની માફક તેમાંજ આનંદ માનતા હોય છે કેમકે તેઓને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાત્ત્વિકી વૃત્તિના આનંદનો સ્વાદ પ્રાપ્ત થયેલો હોતો નથી. સત્ત્વગુણને મદદ કરનાર ખોરાકમાં પણ સાવચેતી રાખવાની ઓછી અગત્ય નથી. કહેવાય છે કે 'આહાર તેવો ઓડકાર' જેવો આહાર તેવી બુદ્ધિ-થાય છે. તમોગુણ અને રજોગુણ ઉત્પન્ન કરાવે તેવો ખોરાક સદંતર તજી દેવાની આવશ્યકતા છે. મનુષ્યોએ પોતાનું આત્મબળ તામસી અને રાજસી સ્થાન, ખોરાક અને સંગતિમાં ગુમાવવાને બદલે જો તેનો સાત્વિકી વૃત્તિને ઉત્તેજક કાર્યોમાં વ્યય કરવામાં આવે તો પોતાને અનુકૂળ ફળ પ્રાપ્તિ થાય એટલુંજ નહિ પરંતુ જગતૂના અનેક પ્રાણીઓના અનુગ્રહનો નિમિત્તભૂત બને છે; અને સાત્વિકી વૃત્તિમાંથી નીકળતી જીવનસુવાસ ઉભય સંસર્ગીઓને અપૂર્વભૂત આનંદ અર્પે છે.

સાત્વિકી વૃત્તિનું લક્ષ્યબિંદુ પૂર્વોકત ત્રણ પરિસ્થિતિના સંગમ સ્થાન ઉપર છે; પૂર્વકાળના ઐતિહાસિક ચિત્રો કે જેમાં સત્ત્વપ્રધાન ગુણ વૃદ્ધિ પામે છે તેને ગુણ દૃષ્ટિએ અવલોકવાં, શ્રીજિનેશ્વરની પ્રતિમામાં મૂર્તિમાન્ ગુણરૂપ શ્રીજિનેશ્વરનું સ્વરૂપ દર્શન કરવું, નિર્દોષ પ્રવૃત્તિમાં નિરંતર ઉત્સુક રહેવું અને દયાનો ઝરો નિરંતર વહેતો રાખવો એ સાત્વિકી વૃત્તિને આત્મા સાથે ઓતપ્રોત કરવાની કળાછે.

આ સંક્ષિપ્ત નિવેદન અનુસાર મુમુક્ષુ પ્રાણીઓએ સાત્વિકી વૃત્તિ ઉપર સ્વામિત્વ મેળવવા પ્રયાસ કરવાની આવશ્યકતા છે; સત્શાસ્ત્ર પુનઃપુનઃ એમજ સંબોધેછે; સર્વ શુભ અનુષ્ઠાનો તેવી વૃત્તિ ઉપર સ્વામિત્વ પ્રાપ્ત કરવા માટેજ છે; એજ હકીકતને સ્તુતિના રૂપમાં શ્રીમદ્ આનંદઘનજી કવેછે કે,

શુદ્ધ આલંબન આદરે, તજી અવર જંજાલરે;
તામસી વૃત્તિ સવિ પરિહરી, ભજે સાત્વિકી શાલરે.

'જેઓ અપ્રશસ્ત આલંબનને તજી પ્રશસ્ત આલંબનનું સેવન કરેછે તેમની તામસી વૃત્તિ દૂર થઈ મનોહર સાત્વિકી વૃત્તિ પ્રાપ્ત થાય છે. શ્રી ભગવદ્ગીતા પણ આ સંબંધમાં કહેછે કે,

सर्व द्वारेषु देहेऽस्मिन् प्रकाश उपजायते ।
ज्ञानं यदातदा विद्याद्विवृध्द्धं सत्त्वमित्युत ॥

'જ્યારે આ શરીરમાં સર્વ દ્વારમાં જ્ઞાન પ્રકાશ થઇ રહે છે ત્યારે હે કૌન્તેય! સત્ત્વગુણની વૃદ્ધિ થયેલી તું જાણ.'

સારાંશકે સત્ત્વગુણની પ્રાપ્તિ એ પ્રબળ ઉદ્યમ વગર બની શકતી નથી; સાત્વિકી વૃત્તિનો પ્રવાહ અખૂટ છે પરંતુ તે ઝરણરૂપે પ્રાપ્ત થવી એ કાંઇ અલ્પ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પુણ્ય પ્રકૃતિનું પરિણામ નથી; સન્માર્ગના વાંછક પ્રાણીને ગુરૂ પ્રસાદ, ઉત્તમ સ્થાન અને સત્સંગતિ તેવું ફળ પરિણામ નિષ્પન્ન કરાવી આપે તેવું ઇચ્છી આ લઘુ લેખ સમાપ્ત કરવામાં આવે છે.

શા. ફતેચંદ ઝવેરભાઇ.

ભાવનગર.

# ' સંખ્યાતીત યોગો '

શ્રી જિનેશ્વરે અસંખ્ય યોગો નિવેદન કરેલાં છે, અર્થાત્ પ્રાણીઓને સંસાર સમુદ્રથી તરવાનાં સાધનો અસંખ્ય છે. સન્માર્ગ ભણી વાળે તેવા અસંખ્ય સાધનોનું સેવન કરી તદનુકૂલ અનુષ્ઠાન કરી પ્રાણીઓ સ્વહિત સાધી શકે છે. યોગ શબ્દ અનેક અર્થોમાં વપરાય છે. મન વચન અને કાયાના યોગો એ પણ યોગ, ધ્યાન-ધારણા સમાધિ રૂપ પ્રાણાયામ યુકત અષ્ટાંગ યોગ, સન્યસ્તપણું-ભોગ વિરકિત એ પણ યોગ, જ્ઞાન અને ક્રિયાઓ વડે જોડાવું તે પણ યોગ, અને જે વસ્તુસ્વરૂપમાં મથાળાના વાકયમાં વપરાયેલો છે. તે પણ યોગ-એ સર્વ 'યોગ શબ્દો' શુભ-સુંદર અર્થમાં વપરાયલા છે, અને આત્માને ઉપકારક ફળ પરિણામ દર્શાવવા માટે યોજાયલા છે. પૂર્વોકત વાકયમાં વપરાયલો આ શબ્દ સ્થાનકો-અવસ્થાઓ-સાધનો રૂપે સ્વરૂપ દર્શન કરાવે છે. ધ્યાનના, સંયમના અને દર્શનના અસંખ્ય યોગો-સ્થાનકો છે. આત્મિક ઉપયોગની પ્રવૃત્તિના તારતમ્ય અનુસાર આ સર્વ યોગો ઉદ્દભવે છે અને જે જેનું આલંબન થઈ આત્માને સન્માર્ગ સ્થિત કરી મકે છે તે તેને માટે ' યોગ ' કહેવાય છે. શત્રુંજય તીર્થ, નવપદજી, જિન પ્રતિમા વિગેરે સર્વ યોગોમાં મુખ્યતા ધરાવે છે; જેમ જેમ નજીકના શુભ યોગોનું અવલંબન પ્રાણી કરે છે તેમ તેમ તે યોગો આત્માને અશ્રુતપૂર્વ સુર-નાદ અર્પે છે અને તે શ્રવણ કરી અનુભવ જ્ઞાનના આનંદમાં તૃપ્ત થાય છે. આ પ્રસંગે આત્માને જ્ઞાન દર્શન ચારિત્ર રૂપ સ્વતંત્ર પુષ્ટિ પ્રાપ્ત થાય છે, અને સંકુચિત સ્થિતિ તજી વિકસ્વરપણું પ્રાપ્ત કરે છે. શુભ યોગોનું આલંબન પ્રાપ્ત કરવું એ સહજ હોવા છતાં કષ્ટ સાધ્ય છે. પરિચિત નિવિડ અશુભ સંસ્કારોને તોડી માર્ગ ખુલ્લો કરવો જોઇએ. પછીથી શુભ યોગોનું આલંબન ફલદ નીવડે એ યુકિતની બહાર નથી; એ પણ સમજવાની જરૂર છે કે સર્વ યોગોને સેવવા તત્પર થવું એ એક જાતનું અજ્ઞાન મૂલકપણું છે કેમકે હેય-ઉપાદેયના વિવેક વગરના આત્માની કોટિ સાનુકૂળ પરિણામ ઉપજાવવા અસમર્થ છે. આ ઉપરથી એમ ફલિત થાય છે કે અશુભ યોગો—સ્થાનકોનો આશ્રય તજી શુભયોગો—સાધનોનું આલંબન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગ્રહણ કરવું જેથી તે આલંબન વડે આત્મા ઉત્તમ ક્રિયામાં પ્રવૃતિ કરી નૂતન ગુણોનું સ્વમાં પ્રકટીકરણ કરી જ્ઞાન દર્શન અને ચારિત્રના સ્વરૂપનું આત્યંતિક પરિણામ પ્રાપ્ત કરી શકે.

" F "

# વિવિધ સદુપદેશ.

## ( સં. દલસુખભાઇ ગિરધરલાલ શાહ, માણેકપુરવાળા. )

—( અનુસંધાન ગતાંક ૫ માના ૧૩૮ પૃષ્ટથી. )—

( ૪૦ ) દ્રવ્ય તથા ઉચ્ચ કુળ ઉપર મહત્વતાનો આધાર નથી પરન્તુ તેના શુભ આચરણો તથા પરોપકારી સ્વભાવ ઉપર જ મહત્વતાનો ખરો આધાર છે.

( ૪૧ ) હંસ માનસરોવર ઉપર અને કાગડો વિષ્ટા ઉપર જઇ બેસે છે તેવી જરીતે સજ્જન અને દુર્જનના સંબંધમાં પણ સમજવું.

( ૪૨ ) કીડી રાજ મહેલ જેવા રમણીય સ્થાનમાં છિદ્ર ગોતે છે, તેવી જ રીતે ખલ પુરૂષો સજ્જન મનુષ્યોના ઉત્તમ આચરણોના ગુણને ગ્રહણ નહિ કરતાં ફક્ત દોષોનેજ શોધતા ફરે છે.

( ૪૩ ) ઉદ્યમ કરવો એ કદાપિ કોઇને અળખામણો લાગતો હશે પરન્તુ તેનું ફળ ભોગવતી વખતે અત્યંત આનંદ આવે છે.

( ૪૪ ) દુનિયામાં એજ પુરૂષ શ્રેષ્ટ કહેવાય કે જેનો આચાર, વિચાર તથા પ્રયત્ન હંમેશાં બીજા પ્રાણીઓનું શુભ કરવાનોજ હોય છે.

( ૪૫ ) જે માણસને માન પ્રતિષ્ઠા વધારવી હોય તેણે સજ્જન પુરૂષોનો સંગ કરવો, દાના દુશ્મન કરતાં મૂર્ખ મિત્ર વધારે નુકસાન કરે છે.

( ૪૬ ) મીઠી વાણીમાં અમૃત અને કડવી વાણીમાં હળાહળ વિષ સમાયેલું છે; તો પછી અમૃતને છોડી વિષને ગ્રહણ કરવા કયો હતભાગી ઇચ્છા રાખે ?

( ૪૭ ) સન્માર્ગે ચાલતાં કદાચ વિપત્તિ આવી પડે તો પણ અસન્માર્ગે ચાલવું એતો કદાપિ હિતકાર છેજ નહિ.

( ૪૮ ) વિષય સુખમાં ઇન્દ્રિયોને તલ્લીન રાખવાથી ઘણા પ્રકારના પાપમાં ઉતરવું પડે છે તેટલા વાસ્તે દરેક મનુષ્યે પોતાની ઇન્દ્રિયોને સજ્જડ કાબુમાં રાખવી જોઇએ, એજ ધર્મ સેવન કરવાનું પ્રથમ સોપાન છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( ૪૯ ) જેવી રીતે પોતે પોતાના તરફ જુએ છે તેવી રીતે દરેક માણસે બીજા તરફ જોવું જોઇએ; જેવી રીતે પોતાનો સ્વાર્થ પોતાને વ્હાલો છે તેવી રીતે સર્વને પોતપોતાનો સ્વાર્થ વ્હાલો હોય છે; એમ વિચારી દરેક કાર્ય કરતી વખત પોતાની જાતને બીજાની સાથે સરખાવવી.

( ૫૦ ) ધર્મ એજ મનુષ્યનું સૌંદર્ય અને દુઃખના પ્રસંગોમાં કામ આવનારી અમૂલ્ય સંપત્તિ છે બાકીનો અન્ય વૈભવ તથા સ્વજન પરિવાર વિપત્તિ સમયે કંઇ કામ આવવાનો નથી એવું સમજી હે બંધુઓ ? વિવેકથી સમ્યગ્ રીતે આ ભવ અને પર ભવ અત્યંત સુખ આપનાર **જૈન ધર્મનું** તથા **સદ્ગુરૂનું** ઉત્તમ પ્રકારે અહોનિશ ખરા ભાવથી સેવન કરો.

(અપૂર્ણ)

# વર્તમાન સમાચાર અને સ્વીકાર.

## 'દાદરમાં એક સ્થાનકવાસી જૈન બંધુના દીક્ષાઉત્સવના પ્રસંગમાં સ્થાનકવાસીઓએ મૂર્તિપૂજાને આપેલું અનુમોદન.'

ગયા રવિવાર અર્થાત્ સં ૧૯૭૦ ના માગશર વદી ૧ ના રોજ બપોરના ૨ા બજે સ્થાનકવાસી બાળબ્રહ્મચારીજી રતીલાલ ધરમશીને દીક્ષા આપવાનો એક ભવ્ય ઉત્સવ દાદર ખાતે ઉજવવામાં આવ્યો હતો અને તે શુભ પ્રસંગે બરવાળા સમુદાયના મહારાજશ્રી ૧૦૮ મણીલાલજી મહારાજે તે દીક્ષાના ઉમેદવારને દીક્ષા દીધી હતી જે વખતે સ્થાનક વાસી જૈન ભાઇઓને તથા બહેનોએ તેમાં મોટી સંખ્યા માં હાજરી આપી હતી; એટલુંજ નહીં પરંતુ દીક્ષાનું કામ પુરૂં થયા પહેલાં તે બાબતનો હર્ષ પ્રદર્શિત કરવા માટે જ્યારે વરઘોડો ચઢાવવામાં આવ્યો હતો ત્યારે પણ મોટી સંખ્યામાં જૈન ભાઇઓએ હાજરી આપી હતી જેમાં શ્વેતાંબરી ભાઇઓ પણ જોવામાં આવતા હતા.

દીક્ષા લેનાર નવા મુનિરાજની ઉમર માત્ર ૨૦ વર્ષની હોવા છતાં એઓ બહુજ ગંભીર મુખ મુદ્રાવાળા દેખાતા હતા અને વરઘોડામાં ગાડી ઘોડા તથા માણુસોની ઠઠ જોવામાં આવતી હતી; અને તે પહેલાં ધજા દંડ વિગેરે ઉત્સાહના ચિન્હો માલુમ પડતાં હતાં. તેની પાછળ ચાંદીના રથમાં શ્રી ભગવાન્‌ની પ્રતિમાને વિરાજમાન કરી હતી કે જે પ્રતિમા તથા ચાંદીનો રથ સ્થાનકવાસી ભાઇઓની માગણી ઉપરથી દેરાવાસી શ્વેતાંબરીઓએ પુરા પાડેલા હતાં; એ રીતે શ્રી ભગવાનના રથમાં પાછળ દીક્ષા લેનાર ઉમેદવાર નવા સાધુજી બીરાજમાન થયા હતા અને એ રીતે વરઘોડો દાદરથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જુના માટુંગામાં બરાબર ટાઇમસર વૈષ્ણવોના શ્રીમદ્ ગુંસાઇજી મહારાજની વાડીમાં જઇ પહોંચ્યો હતો કે જ્યાં ઉમેદવારને દીક્ષા આપવાની ક્રિયા મહારાજ શ્રી ૧૦૮ **મણીલાલજીએ** કરી હતી.

આવી રીતે શ્રી ભગવાનની પ્રતિમા તથા ચાંદીનો રથ સ્થાનકવાસી ભાઇઓની માગણી ઉપરથી જેનું શ્વેતાંબરી ભાઇઓએ આપવાની મહેરબાની કરેલી હોવાથી તેમજ વઇષ્ણવો તરફથી વાડી તથા બંગલો તે દિવસ માટે ઉપયોગમાં આવેલા હોવાથી હીંદુ તથા શ્વેતાંબરી અને સ્થાનકવાસી જૈન ભાઇઓની વચ્ચે જે ભાઇચારો વધતો જાય છે તેની સ્પષ્ટ રીતે સાબીતી થયેલી છે અને એવી રીતે ભવિષ્યમાં પણ ભાઇચારો વધતો જાય અને શ્વેતાંબર અને સ્થાનકવાસીની એક આખી જૈન કોમની ઉન્નતિ થાય એવી હીલચાલ જોવાને દરેક જૈન જ્ઞાતિ પુરૂષ ઉત્સાહી અને એવી અમારી માગણી છે.

સાંજવર્તમાન, તા. ૧૯-૧૨-૧૯૧૩

**મુનિ વિહાર—પેથાપુરમાં** પ્રતિષ્ઠા મહોત્સવ સમાપ્ત થયા બાદ મહારાજ શ્રી હંસવિજયજી તથા પન્યાસ સંપત્વિજયજી આદિ મુનિમંડળે માગશર શુદી ૯ ના દિવસે વિહાર કર્યો હતો; તેઓ સાદરાના દેવળમાં દર્શન કરી પ્રાંતેજ પધાર્યા હતા; ત્યાંના શ્રાવકોએ સામૈયું કરી પુજાઓ ભણાવવા અમદાવાદથી પુજાઓની સામગ્રીસાથે ગવૈયા તેડાવ્યા હતા અને પૂજા પ્રભાવનાઓ કરી હતી; ત્યાંથી સલાલ પધાર્યા ત્યારે ત્યાંના શ્રાવકોએ કહ્યું કે મગનભાઇના મકાનમાં સરકારી સ્કૂલ ચાલે છે તેમની પાસે અમે ઉપાશ્રય કરવા ભાડે માગીએ છીએ પણ અમારો પતો લાગતો નથી; આ બાબત જાણી મહારાજશ્રીએ બોધ કર્યો તેથી ભાઇ મગનલાલ સાંકળચંદે પોતાનું સ્કૂલવાળું વિશાળ મકાન વિના કિંમતે દેરા ઉપાશ્રય માટે આપી દેવા સ્વીકાર્યું છે; તે પ્રસંગે બીજી પણ ટીપ નીચે મુજબ થઇ છે.

રૂા. ૨૦૧) શા. જેઠાભાઇ શંકરદાસ.
રૂા. ૫૧) શા. હેમચંદ જીવરાજ.
રૂા. ૨૫) શા. મહાસુખરામ કસ્તુરચંદ.
રૂા. ૨૫) શા. વાડીલાલ બાદરદાસ.

ત્યાંથી હિંમતપુર આવ્યા હતા આ ગામમાં ચાર દેરાસરો છે તેમાં બે દેરાસરો તો ઊઠાવી લેવાની હાલતમાં આવી ગયાં છે તે બાબત ઉપદેશ કરતાં પ્રતિમાજી બીજી જગોએ આપવા શ્રાવકોએ સ્વીકાર્યું છે.

ગામના છેડા ઉપર આવેલું દેરૂં ઘણું મોટું અને શોભનીય શિખરબંધ છે; પરંતુ તે કાંઇક જીર્ણ સ્થિતિમાં આવેલું છે; તાત્કાળિક સુધરાવે તો હાલ થોડા ખર-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચમાં બની શકશે જો દરકાર કરવામાં નહી આવે તો મોટા ખરચમાં ઉતરવું પડશે; કારણકે પથ્થરની કમાનો વિગેરે ફાટવા લાગેલ છે; ત્યાંની યાત્રા કરી **વકતા-વરપુર** તથા **જામરા** થઇ **સાબલી** આવ્યા; ઇહાં ગામના દેરામાં પ્રતિમા ઘણી છે પણ કીકી વિના રૂપાના પતરાંની ચક્ષુ ચોડવામાં આવેલ છે તેથી બીજા ચક્ષુની ખાસ જરૂર છે; આ ગામની બહાર ડુંગરના થડમાં એક બાવનજિનાલયનું દેરૂ છે પરંતુ ત્યાંના બે ત્રણ ગભારામાં શ્વેતાંમ્બરી મૂર્તિયો છે અને બે ત્રણમાં દિંગબરની મૂર્તિયો છે; વસતિ તુટી જવાથી મૂર્તિઓ ઊઠાવી લેવામાં આવી હોય એમ જણાય છે; ધ્વજા દંડ વિગેરે તુટી ફુટી ગયેલ છે; જીર્ણોદ્ધાર કરાવવા યોગ્ય છે; કોશીશ કરનારને અહીંથી પણ મૂર્તિયો મલી શકે છે. ત્યાંથી **ઈડર** આવતાં શ્રાવકોએ સામૈયું કરી દેશના શ્રવણ કરી હતી. પ્રતિદિન દિગંબર ભાઇયો તથા સુતાર અને તંબોળી વિગેરે લોકો વ્યાખ્યાનનો લાભ લેછે.

હાલમાં રોજ પૂજા પ્રભાવનાદિ ધર્મ કૃત્યો થાય છે; ઇહાં ચાર મંદિર છે પાંચમું શ્વેતામ્બરી હુંમડનું છે; તેમાં મૂર્તિઓ ઘણી છે. અને તે સંપ્રતિ રાજાદિકના વખતની પ્રાચીન છે; પરંતુ દિલગીરી છે કે મીનાકારી ચક્ષુઓ ચઢાવેલી છે તે પણ કોઇ કોઇ મૂર્તિને એકેક અને કોઇને તો તુટેલી અડધીજ ચક્ષુજ છે; આ જીલ્લામાં કોઇ ભાગ્યશાળી ચક્ષુતિલક ચઢાવવા તંબોળ વિગેરેના મસાલા સહિત માણસ મોકલે તો ઘણો લાભ થાય તેમ છે; ઇહાંના ડુંગર ઉપર કીલ્લો છે; તેમાં એક બાવન જિનાલયનું મોટું દર્શનીય જિનભુવન છે; તેની યાત્રા કરવા ભવ્ય જીવો એ ચુકવું નહી.

( મળેલું )

**શ્રી શત્રુંજય મહા તીર્થાદિ યાત્રા વિચાર.** આ લઘુ પણ અત્યંત ઉપયોગી પુસ્તક અમોને શ્રી મહેસાણા જૈન શ્રેયસ્કર મંડળ તરફથી બહારપડેલું મુનિરાજશ્રી કર્પૂરવિજયજી મારફત મળ્યું છે. યોજક એઓ શ્રી પોતેજ છે. આમાં સિદ્ધાચળજીની યાત્રા વિધિ તથા તીર્થો સંબંધી કેટલીક પ્રાચીન હકીકત અને અષ્ટાપદાદિ તીર્થોના કલ્પોનો સંગ્રહ ઠીક કરેલો છે. શ્રી સિદ્ધાચળજી તીર્થની યાત્રાનો લાભ લેનાર દરેક બંધુને આ પુસ્તક અનુકૂળ પણે માર્ગ દર્શક છે; દરેક જૈન બંધુ છુટથી લાભ લઇ શકે તેટલા માટે પ્રકાશક તરફથી ભેટ આપવામાં આવે છે.

## આ માસમાં થયેલા માનવંતા મેમ્બરો.

**૧ શેઠ વલ્લભદાસ ગીરધરલાલ રે. વેરાવળ. હાલ મુંબઇ પેo વર્ગના લાઈફમેમ્બર.**

**૨ મેતા માણેકલાલ દુર્લભજી રે. ભાવનગર. હાલ મુંબઇ (વાર્ષિક મેમ્બરમાંથી) બીજા વર્ગના લાઇફમેમ્બર.**

For Private And Personal Use Only